

Kavygoshthi

E-megazine

|| વર્ષ - ૨ || અંક - ૮ || સળંગ અંક - ૧૪ ||
|| ઓક્ટોમ્બર - ૨૦૧૭ ||

-: સંપાદક :-

સુલતાન સિંહ

દિવાળી વિશેષાંક

Kavygoshthi

Kavygoshthi@gmail.com | +91 9904 185 007
My Blog - http://kavygoshthiblog.wordpress.com

કાવ્યગોષ્ઠી

~ પદ્ય સાહિત્ય તરફની રાહ ~

| વર્ષ – ૨ | અંક - ૮ | સળંગ અંક – ૧૪ |

| ઓક્ટોમ્બર – ૨૦૧૭ |

~ સંપાદક ~

સુલતાન સિંહ

કાવ્યગોષ્ઠી ટીમ

મેહસાણા – ૩૮૪૦૦૨

મોબાઈલ – ૯૯૦૪૧૮૫૦૦૭

kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com/

સંપાદકની કલમે...

આજના આ અંક સાથે કાવ્યગોષ્ઠી સામાયિક પોતાના સાંખ્યિક બીજા વર્ષમાં પ્રવેશી ચુક્યું છે. દિવાળી વિશેષાંક તેમજ સળંગ ચૌદમાં અંક સાથે અમો આપની સમક્ષ હાજર છે.

વીતેલ દિવાળી અને નવા વર્ષના શુભ અવસરે પ્રકાશિત થતા અંકમાં આવેલ વિચાર મુજબ પર્યાવરણનું સંરક્ષણ પણ આપણા સામયિકમાં શરૂઆતથી જ સંમિલિત છે. લેખન સાથે પર્યાવરણની જવાબદારી પણ આપની છે. આવો પ્રદુષણ મુક્ત દિવાળીની ઉજવણી સાથે દિવાળીના દિવસોની ઉઅજવ્નિ કરવાની પ્રતિજ્ઞા કરીએ.

કદાચ, આ અંક એ છેલ્લો અંક છે કાવ્યગોષ્ઠી સામયિકના પ્રકાશિત થવાનો. સમય અને ટેકનીકલ મુશ્કેલીઓના કારણે તેમજ ટીમના અભાવે થોડાક અમય માટે આ પ્રક્ષ્ણ કાર્ય બંધ રહેશે. જેની, દરેક વાંચકે નોધ લેવી. જો કે દરેક અંત એક નવી શરૂઆત સાથે આવે છે, આશા છે જલ્દી જ કાર્યક્ષમ ટીમ અને પ્રાણીઓના સંગમ સાથે અમે ફરી સાહિત્ય અને સેવામાં જોડાઈ જઈશું. ફરી એક વાર નવા રૂપ રંગ સાથે આપની સમક્ષ આવવા પ્રયત્ન કરીશું... ત્યાં સુધી આપને પડતી મુશ્કેલીઓ બદલ અમે સમાપ્રાથી છીએ...

દિવાળી અને નવા વર્ષના વીતેલા પર્વોની શુભેચ્છાઓ તેમજ આપના જીવનમાં હર હમેશ
દિવાળી અને નવા વર્ષની શરૂઆત જેવો અનંત સુખમયી સુખનો સૂર્ય હમેશા પ્રકાશમય રહે એવી
કાવ્યગોષ્ઠીના દરેક વાંચક મિત્રોને શુભકામનાઓ.

આભાર...

સુલતાન સિંહ
[સંપાદક]

વાચક વર્ગને પ્રણામ....

આપણું ગુજરાત તેમજ આપણું ગુજરાતી સાહિત્ય સાચા અર્થમાં સજીવન રહે તેમજ અવિરત પણે માતૃભાષાનું જુનુન દિલમાં ધબકતું રહે એ માટે કાવ્ય વિશ્વમાં એક નવીન પ્રયાસ રૂપે શરૂ થયેલ વોટ્સએપ ગ્રુપ અને પછી એમાં મળેલા સાથ અને સહકાર દ્વારા સર્જાયેલું આ સામાયિક સમોપૂર્ણ પણે વાંચક અને કવિ મિત્રો એમ બંને પક્ષોને સમર્પિત છે. વિસ્તૃત માહિતી મેળવવા માટે નીચે મુજબ સંપર્ક કરી શકો છો.

Contacts :- kavygoshthi@gmail.com

http://kavygoshthiblog.wordpress.com

Admin :- http://vichaarvrund.wordpress.com



-: લાગણીનો તાર :-

નવોદિત કવિઓ તેમ જ સહકાર આપનાર વડીલો, મિત્રો અને ભાવકોનાં અમે હરહંમેશ ઋણી છીએ. સહિત્યમાં નવુ સર્જન કરવું એ એક તપ કરવા બરાબર છે. અને આ તપનું ફળ અમારા ગ્રુપને અત્યાર સુધી મળ્યું છે તો એનું રૂણ ઉતારવું કેમ શક્ય બને, એ માટે અમારી ટીમ સદા આવા ઉતમ સર્જકોની આભારી રહેશે.

~~ કાવ્ય ગોષ્ટિ ટીમ ~~

અનુક્રમણીકા

કવિ ગણ

-: વિશેષ :-



રોશની તો સૂર્યને ઝાંખી કળે છે, વાહ રે!
ચાંદ પણ ઇર્ષાગ્નિમાં ખુબ ખુબ બળે છે, વાહ રે!

ઝાડમાં નર્તન અને પર્ણો થરકતાં તાલમાં,
સૃષ્ટિ આખી રાગિણીમાં જો ઢળે છે, વાહ રે!

એક એવી તું કળા છે પ્રભુની કાવ્યથી ભરી,
ગીતનાં નવ રસ અને સુર જ્યાં મળે છે, વાહ રે!

એ નદી, ઝરણાં ક્ષણિક થંભી રહે સુણવા તને,
છંદનાં લય જેમ પગરવ ખળખળે છે, વાહ રે!

ખૂશ્બુ તારી? ઊફ્ફ! ઉપમા કોઈ વ્યાકરણમાં નથી,
કસ્તુરી તારા બદનમાં જો પળે છે, વાહ રે!

કુંડળીનાં ચોકડાંમાં કે ગ્રહોમાં શું મળે?
હો 'અકલ્પિત'! એ છબી સૌને ફળે છે, વાહ રે!

- ભાવિન દેસાઈ 'અકલ્પિત'



પોયરો પાન-મસાલા ખાય; તારા બાપનું કાંઇ જાય?
છોને જ્યાં-ત્યાં થૂંકતો જાય! તારા બાપનું કાંઇ જાય?

સિગારેટનાં ધૂમાડાની રીંગો હવામાં ઉડાડીને,
સ્ટાઈલ મારે જો હાયફાય; તારા બાપનું કાંઇ જાય?

બે-ચાર કસ મારવા અથવા ચપટી દાંતે દબાવે તો જ,
ભાઇ સવારે હલકો થાય; તારા બાપનું કાંઇ જાય?

માવાનાં ગલ્લે ઠેકાણું; કાયમ ઉભો રહેલો મળતો,
પછી છો સમાજમાં પંકાય; તારા બાપનું કાંઇ જાય?

થૂંકવું, ફૂંકવું ખૂબ મજા ને કાયમ આદત મળે સજા,
અને જો કેન્સર બેન્સર થાય; તારા બાપનું કાંઇ જાય?



- ભાવિન દેસાઈ 'અકલ્પિત'

અંધારાઓ વચ્ચે એક અજવાળું લાવી શક્યા
જૂઠની આ દુનિયામાં સત્ય ઉજળું લાવી શક્યા.
નિજ કર્મનો બોજ અન્ય ખભે ઠાલવતા યુગે
કરી સર્વ કર્મ જાતે સ્વાશ્રયનો પાઠ ભણાવી શક્યા.
દહેશત હિંસાની દૂર સુધી ફેલાયેલી જણાઈ
છતાં શાંત ચિત્તે અહિંસાનો માર્ગ અપનાવી શક્યા.
જીવતરના નબળા કર્મો જાહેર કરી શક્યા
ને માટેજ સત્યના પ્રયોગો કરી શક્યા.
આજુ બાજુ સ્વચ્છ રાખી અંતરમન પણ ચોખ્ખું કરી શક્યા
'સ્વચ્છતા ત્યાં પ્રભુતા' જીવને સાર્થક કરી શક્યા.
જીવી ગયા ગાંધી સાદગીથી પણ જીવતર
લાગે એનું જાજરમાન
'મારુ જીવન મારો સંદેશ' કહી
'નીલ' એક મોટી શીખ જગને આપી શક્યા.

~ નિલેશ બગથરીયા 'નીલ'

मेरी खामोशियों का शोर हो तुम,
इस ज़िन्दगी का छोर हो तुम।

कालिख़भरी सियाह रात मेरी,
और मुस्कुराती भोर हो तुम।

फलांग कर उड़ा दे हर ग़म मेरा,
वो मेरी जादूभरी गिलौर हो तुम।

काश तुम्हे दिखला पातें हम,
इस सफर का सुनहरा दौर हो तुम।

इस रूह को बाँधा जिसने खुदा से,
वो झिलमिलाती डोर हो तुम।

मेरी खामोशियों का शोर हो तुम,
इस ज़िन्दगी का छोर हो तुम।

- दिपांशी शास्त्री



રે ફૂટ્યો ફટાકડો !!
'boom...!!'થયો એ બાપડો !!
કોણે કાંડી આપી ?
ઝીણી આગ ચાંપી !
હવે વધ્યો બસ રાખ નો રાફડો...
રે ફૂટ્યો ફટાકડો !!
બા આવી બેસ્યા ઓટલે, દીવા બળે એટલે.
ઠંડી વાયરી વાતી, રોશનીઓ ઝગમગાતી.
લ્યો આવી વાનરસેના,
લઈ ને'crackers made in china'
ધુમાડા નો ઉભર્યો સમંદર ;
બા ખાંસતા ચાલ્યા ઘરની અંદર.
શાને હર સાલ રૂપિયાના આટલા ધુમાડા ?
જે આપે ભેટ માં પ્રદૂષણ ના ઉપાડા !
શું ના ચાલે જો કરીએ ફક્ત શુકનના તણખાં,
એના બદલે પૂરીએ કોઈ ગરીબ નાઅભરખાં
હરખની ફૂલઝર અને આશાની રંગાવલી,
શું શક્ય નથી એવી નવીન હેપ્પી દિપાવલી?

~ દીપાંશી શાસ્ત્રી

હા કરી કે ના કરી તે પ્યારમાં
આવકારી યા ખરી જે પ્યારમાં

લાજ માની નાક હૈયાની ગમી
ભાગદોડે હાં જતીને પ્યારમાં

આંગણે તું પાર રોજે બહારથી
લાગવગમા યા ખપીને પ્યારમાં

દર્દભરી છે. સાંઠ ગાંઠે રોકડી
આવજા યા બાયબાયે પ્યારમાં

માંગણી નાં ફાવતી તો થામતુ
આખરીની ગણી તે પ્યારમાં

~ હિતેશ આર. પટેલ

ઉપમા કેવી પ્યાસી નજર લાગે છે
શું વાત છે પ્રેમી ડુંગર લાગે છે

વાંહે જોતી માનો દિલથી સારી એ
ધડકી મોટી એની. કદર લાગે છે

મોતી આંખે નોખી ચેષ્ટા લાવતી
કોઈમાં રોકી સાચી કસર લાગે છે

છલકી લાગે ખાસ્સી દાદ માગતી
યાદે એવી જેની વગર લાગે છે

જેવી તેવી. નાં એ આજે દિલ પણે
સામી. રાહે આતો પ્રખર લાગે છે

ભાવુક ચાલે ચાલી જ્ઞાન વેરતી
બિલકુલ ત્યાં તો એવી પકડ લાગે છે

~ હિતેશ આર. પટેલ



હા, પ્રેમમાં સમસ્યા એક આ વધુ રહે છે;
ઊંઘું છું હું ને મુજમાં કો જાગતું રહે છે !

નજરો મળે, પ્રણયનાં ત્યાં પુષ્પ પાંગરે કૈંક,
પણ બેવફા બન્યું દિલ, ક્યાં આપણું રહે છે ?

ઊડી ગઈ પછી છત, જ્યાં મોભ ભાંગ્યો ઘરનો;
બાકી દીવાલ, બારી ને બારણું રહે છે.

મુજ આંખથી વહે છે એ રીતે અશ્રુઓ આ,
જે રીતે આભમાં રડતું વાદળું રહે છે !

વીતી ગયો સમય તોપણ સંસ્મરણ ન ભૂલ્યો,
છો પાંગળું થયું મન, પણ દોડતું રહે છે

.

સૂરજના શહેરમાં શું મહિમા 'પ્રદીપ'નો હોય ?
હો અંધકાર, તો એની આબરૂ રહે છે.

— પ્રદીપ સમૌચા

શુભ લખું, કે લાભ લખું
કે લખું, હો મંગલ કલ્યાણ.
નવા વર્ષના શુભાષિશ,
સહુનું, હો મંગલ કલ્યાણ.

પળમાં વિત્યું વરસ લખું
કે, વરસ જેવી રાત લખું?
શુભ સંદેશો લાવી દિવાળી,
સહુનું, હો મંગલ કલ્યાણ.

તમસ્ ભરેલા સ્મરણો લખું
કે, પ્રકાશની નાની યાદ લખું?
ગઈ ગુજરીને જાવ ભૂલી,
સહુનું, હો મંગલ કલ્યાણ.

આભે વહાવ્યું જળ લખું
કે, આંખોનો વરસાદ લખું?
નવા દિવસને નવી ઝાકળ,
સહુનું, હો મંગલ કલ્યાણ.

ઉધાર લખું કે જમા લખું
કે, ઈશ્વરને આભાર લખું?
સહુને મારા સાલમુબારક,
સહુનું, હો મંગલ કલ્યાણ.

~ અલ્પા વસા

દિલોને લુભાવો, સ્મરણને જગાવો
નજરમાં ન આવો તમે તો તમે છો

નજરની દિશામાં તડપતી દશામાં
હસાવો રડાવો તમે તો તમે છો....

રહો છો હૃદયમાં વહો છો રુધિર થઇ
હૃદયને સજાવો તમે તો તમે છો....

હવા થઇ વહો છો ફિઝા થઇ મળો છો
દુઆ કૈં ભણાવો તમે તો તમે છો

અધૂરી લખે જે લલાટે વિધાતા,
અકળ એ લકીરો તમે તો તમે છો....!

~ રેખા સોલંકી 'તૃષ્ણા'

કેટલાં શાણા હતાં કોને ખબર,
શકુનિના ભાણા હતાં કોને ખબર.

રાહ જોઈ હેતને આંખે ધરી
એ સમય પાણાં હતાં કોને ખબર

લાગણી મૃતઃપાય થૈં'તી અંતરે
ખરખરાં ટાણાં હતાં કોને ખબર

દર્દ પણ એ તો હસી સ્હેતા રહ્યાં
કેવા એ માણાં હતાં કોને ખબર

કરકસર પણ એમણે ઝાઝી કરી
થાળ આ કાણાં હતાં કોને ખબર.

~ રેખા સોલંકી 'તૃષ્ણા'

સમજો છો એટલી, ભરેલી નથી આ જીંદગી
ધારો છો એટલીય, ખાલી નથી આ જીંદગી
જરૂરત છે ફક્ત જીંદગી ને માણવાની...

સમજો છો એટલી, બાકી નથી આ જીંદગી
ધારો છો એટલીય, ચાખી નથી આ જીંદગી
જરૂરત છે ફક્ત જીંદગી ને ચાખવાની...

સમજો છો એટલી, સારી નથી આ જીંદગી
ધારો છો એટલીય, ખરાબ નથી આ જીંદગી
જરૂરત છે ફક્ત જીંદગી ને જાણવાની...

સમજો છો એટલી, ઉદાર નથી આ જીંદગી
ધારો છો એટલીય, લાચાર નથી આ જીંદગી
જરૂરત છે ફક્ત જીંદગી ને સમજવાની...

સમજો છો એટલી, પૂરી નથી આ જીંદગી
ધારો છો એટલીય, અધૂરી નથી આ જીંદગી
જરૂરત છે ફક્ત જીંદગી ને જીવવાની.....

~ ગોસાઈ કાર્તિક (વઢવાણ)



આંખથી જે રંગ છલક્યા યાદ છે?
ને,પછી જે રંગ બદલ્યા યાદ છે?

લાલ લીલો વાદળી ને જાંબલી,
દિલમા જે મેઘ વરસ્યા યાદ છે?

કાન-રાધા ગાઇ સંગે રાગ જે,
લોક હૈયે એ જ ધબક્યા યાદ છે?

ભૂલવાને. વેરભાવો સંગમા,
છે ઉત્સવો આ ઉગ્યા એ યાદ છે?

સાંજનું એ આભ ઉગતું આગવું,
રંગના મેઘધનુષો છાયા યાદ છે?

-મનિષા જોબન દેસાઇ

સમયને થાય એ વિસ્મય સુધી આવો
તિમિર તોડીને સૂર્યોદય સુધી આવો
નયનનાં ગોખમાં છે સ્વપ્ન પારેવા
ફફડતી પાંખનાં નિર્ણય સુધી આવો
ધબકતું હોય હૈયું એક તાલે જયાં,
અચળ આલિંગવા આશય સુધી આવો
અષાઢી રાતની ઘેઘૂર અધુરપમાં,
પ્રચુર ઘન મેઘનાં વિષય સુધી આવો
મને મારી જ ઓળખ આપી દે એવાં,
પ્રણયનાં આયને પરિચય સુધી આવો
ઢળી છે ચાંદનીમય લ્યો સુરાહી પણ,
છલકતો જામ થઈ પરિણય સુધી આવો
કબુલો ના ભલે ક્ષણભર પ્રણયને પણ
તો ખુદને છેતરી અભિનય સુધી આવો
પૂર્ણિમા ભટ્ટ 'તૃષા'

કોડીયાં શણગારવાં હાલો સાહેલડી
કોડીયાં શણગારવાં હાલીએ રે..
અમારા ગામ તે ખેડની રે, વેરુડી..
કોડીયે કંકૂના ટીપાં છાંટજો રે

આભલેથી તારલાં લઈએ સાહેલડી
આભલડેથી તારલાં લઈએ રે..
ઝળહળતાં તારલાં શોભે કોડલીયે..
ઝગમગતાં તારલાં ટાંકજો રે

મારા દાદાની વાડીએ વેલડી, સાહેલડી
મારા દાદાની રૂડી વેલડી રે...
વૅલડીએ ફૂલડાં મહેકે સુંદરડાં !
કોડીયે તે ફૂલની પાંખ મેલજો રે..

સ્વર્ગેથી આભલાં લઈએ, સાહેલડી
સ્વર્ગ્યુંથી આભલાં લઈએ રે..
ઝીણાં ઝીણાં આભલાં શોભે કોડલીયે
રીમઝીમ આભલાં ટાંકજો રે..

જૂનાં સાડલાંના તાણા કાઢીએ, સાહેલડી
જૂનાં સાડલનાં તાણા કાઢીએ રે..
તાણા ગૂંથી ગૂંથી મુક રે ! ટૉપલીએ
રૅશમીયાં તાણાં કૉડલીએ શોભજો રે..

પોચાં રૂની તે વાટ્યું કરીએ, સાહેલડી
ઝીણી ઝીણી વાટ્યું કરીએ રે..
ઘીની તે વાટ્યું મૂકીએ કોડલીએ..
દીવાળીએ દીવડાયું રૂડાં દીપજો રે..

~ પરમાર ધાર્મિક (ધર્મદ)

મારામાં થોડુંક તારાપણુંય હોવું જોઈએ ને!
તારામાં થોડુંક મારાપણુંય હોવું જોઈએ ને!
ઝાઝેરાં સુખથી છકી ના જવાયને એટલે,
જીવનમાં થોડુંક ખારાપણુંય હોવું જોઈએ ને!

~જગદીશ કરંગીયા 'સમય'

ઝભ્ભો ફાટીને ચીંથરું થઈ ગયો,
અને ચા ઠરીને ઠીકરું થઈ ગયો;
થાય ઈર્ષા એના પામનારની, કેમકે
કાગડો થઈનેય દહીંથરું લઇ ગયો.

~જગદીશ કરંગીયા 'સમય'

હું બસ પ્રેમ પ્રેમ ને પ્રેમ જ કરતો રહ્યો છું,
યાદ એની આવે તો બસ લખતો રહ્યો છું,

શું ખબર થઈ, શું અસર થઈ એના દિલમાં,
હું આજ પણ, મારુ દિલ ધરતો રહ્યો છું,

ખબર નથી, ક્યારે પૂરા થાશે અરમાન,
હું રોજ એક તારા ની જેમ ખરતો રહ્યો છું,

મને ઇંતેજાર છે, એના ઇકરાર નો દિલ થી..,
સદીઓ જૂનો પ્રેમ છે એટલે જ ફરતો રહ્યો છું.

~ ગોસાઈ કાર્તિક (વઢવાણ)

ખુદને ખુદથી કેમ કરી છુપાવશો?
ચાંદને ચાંદનીથી કેમ કરી છુપાવશો?
છોને લાખ બાંધો બુકાની ચહેરો છુપાવવા,
કિંતુ આંખોને આંખોથી કેમ કરી છુપાવશો?

~જગદીશ કરંગીયા 'સમય'

વતનની વાટે.....

વીત્યા કેટલાય
દિવસો વતનના વિરહમાં,
ઝૂરાપો વરતાતો મને,
એની ઝીણી ઝીણી
યાદોને ઝંખતો રહેતો.
એ વિસરાતી વાતોને
હું વાગોળ્યા કરતો,
એ આભ-ધરતી નીચે
જીવવાનું ખુલ્લાપણું
અહીં પરદેશમાં ક્યાં.?
આમ તો વર્ષોથી રહું છું દૂર,
પરંતુ તોય જ્યાંથી
જીવવાની શરૂઆત થઈ હતી
એ વતનની વ્હાલપ
એવી તો ઓળઘોળ થઈ
વળગી રહી છે મને
કે તેના સ્મરણોથી વિખૂટા
થઈ શકું ખરો?
મલકની એ માયા,
ને વળી એ માયાળું
મનેખ,
મન ભરીને મળવાની
ઇચ્છાઓ સાથે
પગ ઉપડી રહ્યા છે
આજે એ વાટે.

~મનુ.વી.ઠાકોર'મનન'

જાય વીતી બાળપણ, રોકાય ના.
ને પરીક્ષાના ડરે ખેલાય ના.
પુસ્તકોના બોજથી કચડાયેલાં-
ફૂલડાં કરમાય તે દેખાય ના.
શિક્ષકો ને પાઠશાળા પુસ્તકો ,
થાય ભેગા એમ શિક્ષણ થાય ના.
એમને ચીંધી નહીં સાચી દિશા
એટલે સન્માર્ગ પર એ જાય ના.
દોડતા રાખ્યા હમેશાં એમને
મુક્ત પંખી શા કદી એ ગાય ના.

નીતા પટેલ 'નવલ' ટુંડાયા



કોડિયું

સાંભળો કહે છે આ
ઝગમગતું કોડિયું!
બાળી જાત, આપે અજવાસ
આ ઝગમગતું કોડિયું!
ના કોઈ અરમાન, ન આશ
આ ઝગમગતું કોડિયું!
પાથરે બસ ઉજાસ,
આ ઝગમગતું કોડિયું!
જેની જ્યોતિમાં લક્ષ્મી નો વાસ
આ ઝગમગતું કોડિયું !
અંધારુ જેનું છે દાસ
આ ઝગમગતું કોડિયું !
પૂરા બ્રમ્હાંડનો શ્વસતું ' તું શ્વાસ
આ ઝગમગતું કોડિયું !
ના જોવુ કંઈ આસ કે પાસ
આ ઝગમગતું કોડિયું !
બસ દેતું હરદમ પ્રકાશ
આ ઝગમગતું કોડિયું !

-ભગવતી પંચમતીયા 'રોશની'

હું તો મારા મનનું ધાર્યું કરવા વાળો ;
એ ઈશ્વરને પણ હું ટેકો દેવા વાળો.


ભૂલે છે,સમજે છે ને પાછો આવે છે ;
ઈશ્વર ! શ્વાસોની ઉધારી લેવા વાળો.

કાનોકન ખબર થઈ છે મારી એ વાતો ;
કોને દાટ્યો ને કોણ હશે મરવા વાળો.

આધા-પાછી કરવા વાળા આધા જાઓ ;
આવ્યો છું હું ઈશ્વર થઈ ને નડવા વાળો.

ભીંતે ભીંતે આંસુઓની નિશાની છે ;
એ ઘરનો મોભો છે આજે મરવા વાળો.

સોલંકી દિપક'રહીશ'



મને લાગ્યુ કે ત્યાં કોઈક મારુ હતું
ગયો હું નજીક તો અંધારુ હતું

પ્રેમની દુકાનોમાં આજે ખુબ ભીડ હતી
ખબર છે સૌને ત્યાં દર્દોનું હટાણું હતું

એમ જ બદનામ ના કરો તમારી દોસ્તીને
ગુમનામ થયેલી વાતોનું ત્યાં ફટાણું હતું

બેકાર લાગે મને અત્યારનું આ જીવન
બાળપણનું પાગલપન કેટલું રૂપાળું હતું

તમારી દાદથી ધરાય ગયો 'અંદાજ'
આજ મારે ગઝલ સાથે એકટાણું હતું

~ ધવલ ભિમાણી 'અંદાજ'

સ્મરણોની આ સાંજ....
કેટલી બધી સ્મૃતિઓ હૈયાની ભીતર આપી ઢળી જાય છે,
અને એક રાત તરફ આપણને લઈ જાય છે.
કહી રહી હોય છે કે'આ રાત તારી સ્વપ્નસભર બનાવી દે,
એક ઉગતી સવારે એમાં પ્રકાશ આવશે,
એ સ્વપ્ન આંખે આંજી તું નીકળજે,
પણ હા યાદ રાખજે, મળવું અને ઢળવું એ જીવનનું સત્ય છે,

~ મનુ.વી.ઠાકોર'મનન'



લોકો બધા આપે સજા,ઈશ્વર તને હું શું કહું ;
કોની કને માંગુ દુઆ,ઈશ્વર તને હું શું કહું.

પથ્થર ઘણા પૂજાય છે,મા-બાપને ભૂલ્યા હવે ;
છે આંધળા લોકો બધા,ઈશ્વર તને હું શું કહું.

ઈશ્વર હજી પણ છે બધે,લોકો નથી ડરતા જરા ;
એ રોજ આપે છે દગા,ઈશ્વર તને હું શું કહું.

કેવા કરમ છે ડર મને પણ છે ને શું કરશું હવે ;
આવી હતી મારી કથા,ઈશ્વર તને હું શું કહું.

લોકો કહે તું તો શરાબી,હું ય જાણું છું હવે ;
આ બસ ઝખમની છે દવા,ઈશ્વર તને હું શું કહું.

રડવું અને મરવું હવે તો એક સરખું છે 'રહીશ'
મેં આખરે માંગી દુઆ,ઈશ્વર તને હું શું કહું.

સોલંકી દિપક 'રહીશ'

નિયમને તોડવા પડશે, હવે સૌએ,
જીગરને જોડવા પડશે, હવે સૌએ,

ફરક તો જ પાડવાનો છે, સમજણોમાં,
મગજ ઢંઢોળવા પડશે, હવે સૌએ,

નથી સાચા, સિક્કા ખોટા ખણખણે છે,
સદા એ છોડવા પડશે, હવે સૌએ,

રહે છે કાચના ઘરમાં, સદા માટે;
ક્ષણોના છોડવા પડશે, હવે સૌએ.

મથામણ હોય,’નટવર’ પામવાની તો,
નયન પણ, છોડવા પડશે હવે સૌએ,

~ નટવર ટાંક [જુનાગઢ]

रोज सोने से पहले सपना मंजिल का देखता हूँ,
और उस की चाहत में, रोज सबेरे उठता हूँ।

मंजिल की इस दौड़ में, ये भीड़ कहा जा रही है,
कभी किसी से आगे हूँ, कभी मैं पीछे चलता हूँ ।

आगे निकलना इतना आसान नहीं है इसलिए,
नयी तरकीबें या नयी राह, मैं चुनता हूँ ।

शतरंज के इस खेल में,एक तरफ मंजिल है,
दूसरी तरफ,मैं ही राजा,रानी,हाथी,घोड़ा,मोहरा हूँ।

ये दौड़ भी कितनी अजीब है, खत्म ही नहीं होती,
फिर भी कुछ हासिल करने की, कोशिश करता रहता हूँ।

पता हैं मुझे, हर बार जीत मुमकिन नहीं हैं,
इसलिए हार में भी, कुछ नया शिखता रहता हूँ।

राह में गिरता,संभलता,रुकता और फिर दौड़ता हूँ,
तब जाके आख़िर में ,एक मंज़िल पे पहोचता हूँ।

~ दिव्येश गेडिया



અંધારાઓ વચ્ચે એક અજવાળું લાવી શક્યા
જૂઠની આ દુનિયામાં સત્ય ઉજળું લાવી શક્યા.
નિજ કર્મનો બોજ અન્ય ખભે ઠાલવતા યુગે
કરી સર્વ કર્મ જાતે સ્વાશ્રયનો પાઠ ભણાવી શક્યા.
દહેશત હિંસાની દૂર સુધી ફેલાયેલી જણાઈ
છતાં શાંત ચિત્તે અહિંસાનો માર્ગ અપનાવી શક્યા.
જીવતરના નબળા કર્મો જાહેર કરી શક્યા
ને માટેજ સત્યના પ્રયોગો કરી શક્યા.
આજુ બાજુ સ્વચ્છ રાખી અંતરમન પણ ચોખ્ખું કરી શક્યા
"સ્વચ્છતા ત્યાં પ્રભુતા " જીવને સાર્થક કરી શક્યા.
જીવી ગયા ગાંધી સાદગીથી પણ જીવતર લાગે એનું જાજરમાન
"મારુ જીવન મારો સંદેશ કહી "નીલ" એક મોટી શીખ જગને આપી શક્યા.

~ નિલેશ બગથરીયા "નીલ"

શબ્દસર્જન - ઓક્ટોબર - 2017
શબ્દ – નવરાત્રી, ગાંધીજી
સુત્રધાર – ઉર્વીશ કે સવાણી

બાપુ તું લાચાર છે...

જનતા જીવે મરતા મરતા,
બાપુ દેખે હસતા હસતા.

નેતાને પૈસો લલચાવે,
સંસદમાં એ ખો-ખો રમતા.

માણસ જ્યાં માણસને કાપે,
એમાંથી એ ગજવા ભરતા.

ઈશ્વરના દરબારે જાતા,
ત્યાં પાપોની મટકી ધરતા,

કેવું નાલાયક માનસ છે,
શરમાતા ના એવું કરતા,

~ કશ્યપ લંગાળિયા "કજલ"

આવી આવી આસો સુદ અજવાળી

આવી આવી આસો સુદ અજવાળી,
કે માડી ગરબે રમે રે લોલ.
આવી આવી નોરતાની રાતલડી,
કે ભક્તો હરખે રમે રે લોલ.
અંબા સાજ સજીને આવ્યાં,
કે ગબ્બર ગોખથી રે લોલ.
બહુચરબાળીને સાથે લાવ્યાં,
કે ઘમ્મર ઘુમતા રે લોલ.
કંઠે એને સોહે નવલખા હાર,
ટીલડી ઝગમગે રે લોલ.
ગરબો જામ્યો છે ચાચર ચોકે,
કે રમવાને આવજો રે લોલ.
આશિષ આપે છે અંબે માત,
કે દુઃખડાં કાપશે રે લોલ.

~ ભગવતી પંચમતીયા 'રોશની'

રોજ છૂટે ગોળીઓને, ધડ હજી વિંધાય છે,
રામના ઉચ્ચારણોથી આ જગત પડઘાય છે.

ધાડ,લૂંટો,ખૂનનું કારણ બની અકળાવ છું,
નોટમાંથી ક્યાંક ભાગી જાઉં એવું થાય છે.

હાર સાથે,માત્ર દીવાલો ઉપર ઓફિસમાં,
પ્રેમપૂર્વક, રોજ ગાંધી આપણાં પૂજાય છે.

આચરણમાં પણ મૂકીને બહાર કાઢોને હવે,
એક ગાંધી,ચોપડીની કેદમાં ગૂંગળાય છે.

સત્ય થોડું મેં પચાવ્યું,ને અસર બ્રહ્માડમાં,
સ્મિત બોખું,હર કણેકણમાં હવે હરખાય છે.

~ પીયૂષ ચાવડા

ભરરાત્રીએ, મારા સ્વપ્ને આવ્યા ગાંધીબાપુ,
સફેદ ધોતિયું,લાકડી લઈને એક હાથમાં છાપું

ટચલી આંગળી પકડી મુજને બેસાડ્યો રે, ખોળે
' સ્વદેશ પ્રેમ ' ની વાતું કરતાં વ્હાલ રૂડુ ઠોળે

કેવો ચાલે દેશ મારો ?, હાથે તાળી દઈને પુછ્યૂં
જવાબ થોડો નીચો મળતાં, ધોતિએ આંસુ લુછ્યૂં

મેં કાતેલાં સૂતર આજે કેવા ચાલે આજે ?મેં કહ્યું :
કાળા બૂટે પૅન્ટ પહેરી લોકો ટૉપી નાખે ભાલે

ભણીગણીને આગળ વધજે, દેશનું નામ કમાજે
સારા મિત્રોનો સંગ કરીને, સાચો ભારતવાસી થાજે

તિરંગાની શાન બતાવી, સર્વધર્મ સમજાવ્યો
હળીમળીને રહીએ સૌ એવો પ્રેમ મંત્ર પણ આપ્યો

પાટી પૅન ને પુસ્તક આપી, અલોપ થઈ ગ્યા બાપુ
ભરરાત્રીએ, મારા સ્વપ્ને આવ્યા ગાંધી બાપુ,

~ પરમાર ધાર્મિક "ધર્મદ"

નવલા નોરતાજી,
કે આવ્યા, નવલા નોરતાજી.
દિ આથમ્યો, ને ઉગી રાતડી
ઝટપટ રમવા આવોજી.
નવલા નોરતાજી.

કે આવ્યા, નવલા નોરતાજી.
કામ ધંધા સઘળા મેલી
હવે ગરબે ઘુમવા આવોજી.
નવલા નોરતાજી.

કાવા દાવા, સંતાપ મેલી
પંડમાં શ્વાસ ભરવા આવોજી.
નવલા નોરતાજી.

ગોળ કુદરડી ફરતા ફરતા
અંગનું નૈવેધ્ય ધરવા આવોજી.
નવલા નોરતાજી.

રચી માનવતાની સાંકળ
માડીને ફરતે ફરવા આવોજી.
નવલા નોરતાજી.

ઓઢી નવરંગી ચુંદલડી ને
અંબામા ને આરાધવા આવોજી.
નવલા નોરતાજી.

~ અલ્પા વસા "કાવ્યાલ્પ"

મોહન ગાંધી બન્યાં આજે બાપુ,
ભારતની આઝાદી લાવે બાપુ.

ગોરાને દેખાડે છે દરવાજો,
ટુંકી ધોતી એ જગ ધૂમે બાપુ.

ગોરા કાળાના ભેદો ભૂલાવ્યા,
ગીતા પાઠે જે ડર હાંકે બાપુ.

સૂનું લાગે મનમંદિર આજેતો,
નોટોમાં દેખીએ રોજે બાપુ.

કાજલ યાદોથી મનમાં જીવે ને,
છાપામાં ક્યાં દેખાડે છે બાપુ.

~ કિરણ પિયુષ શાહ "કાજલ"



ગરબાના તાલે જો ઝુમે અંગે અંગ, સફળ થાય નવરાત્રી.
નવરંગી વાઘામાથી છુટે જો તરંગ, સફળ થાય નવરાત્રી.

ચૂંથાતા અપાર બદનો નાની અમથી આંખની કીકીથી,
ઠંડી પડે જો કામના ને વાસનાની આગ, સફળ થાય નવરાત્રી.

શિક્ષણ, શાણપણ, સંબંધ કે સલાહ-સુચન કરતાંય સમજ મહત્ત્વની,
ઠગબાબાથી જનતા જો થાય સજાગ, સફળ થાય નવરાત્રી.

દયા,કરૂણા,લાગણી, જાતિ, ધર્મ ને ઘરથી આગળ કોનુ કહુ,
ફેવીકોલ જેમ ચોંટે જો નિ:સ્વાર્થ કેરો રંગ, સફળ થાય નવરાત્રી

ગરીબોના ઝુંપડાના બે સ્તંભને ડાંડીયા બનાવી એને શણગાર,
દેશ પ્રત્યે લાગે જો તન-મનમા આગ, સફળ થાય નવરાત્રી

~ અલ્પેશ જે કારેણા

સગર્ભા સ્ત્રીનો એના આવનારા બાળકને પત્ર

વહાલા બબુ,

તારા હોવાનો અહેસાસ મને તું હર ઘડી કરાવે છે. ભલે તને આ પૃથ્વી પર આવવાને ત્રણ મહિનાની વાર છે, પણ મારું મન... હૃદય તો બસ હવે તને જ ઝંખે છે. આ છ મહિનામાં એક પણ ક્ષણ એવી નહિ હોય કે હું તારામાં ખોવાઈ ન હોઉં. શરૂમાં તો મને ભય પણ રહેતો કે તું મારામાં...મારા અસ્તિત્વમાં સમાયેલો રહીશ કે નહિ? તને મારી કોખ સાથે ફાવશે કે નહિ? ઘરમાં બધું જ કામ કરતી પણ શંકા કુશંકાના વાદળોથી ઘેરાયેલી રહેતી. જેમ જેમ આપણાં કુટુંબમાં સહુને ખબર પડવા મંડી તેમ તેમ બધાં મારું વિશેષ ધ્યાન રાખવા લાગ્યા.

જ્યારે તે તારા હોવાનો પહેલો અહેસાસ કરાવ્યો ત્યારે મારા જીવ ને થોડી નિરાંત થઈ. આહા એ અહેસાસની અનુભૂતિ જીવનભર નહિ ભુલાય. જાણે તને પણ મારી કૂખ ગમી ગઈ છે...મારામાં સમાઈ ને તું પણ ખુશ છે! એવા બધાં વિચારોમાં લિન રહેવા લાગી છું. મારી ખુશીને હું પૂર્ણ રીતે તને દર્શાવી પણ નથી શકતી. બસ મને હર ઘડી એમ જ થાય છે બીજું કંઈ ન કરું ને તારી સાથે...તારામાં લિન...ખોવાયેલી રહુ, પણ ઘર છે તો બીજું બધું પણ જોવું તો પડે ને બેટા!

અરે હા! કાલે હું પડી ગઈ ત્યારે ખુબ ગભરાઈ ગઈ હતી. તને કંઈ વાગ્યું તો નથી ને! ખમ્મા! જોકે તરત ડો.અંકલને ત્યાં જઈ આવી. ડો.અંકલે શું કહ્યું ખબર છે? કહે 'તમારું બબુ તો ખુબ મજબૂત થશે.' એ સાંભળીને મને હાશ થઈ. મારા વહાલા તું જ મારું સર્વસ્વ છે. તને કંઈ થાય તો મારી શું હાલત થાય?.. પણ મને ખબર છે કે તને કંઈ નહિ થાય..હું હકારાત્મક વિચારોમાં જ રહુ છું ને એમાં જ રહીશ.

કેટલા વરસો બાદ તું અમારા સુના જીવનમાં રંગ પૂરીશ!!! તું દીકરી કે દીકરો કંઈ પણ બનીને અમારાં જીવનમાં આવ..બસ તું આવ એ જ મહત્વનું છે. તું અંદર તોફાન કરે છે ને મને જે ફિલ થાય છે એને વર્ણવવા મારી પાસે શબ્દો પણ ખૂટી પડે છે. ખરેખર આ અહેસાસની વાત છે. એ અપ્રતિમ અહેસાસ હું કોઈ સાથે શેર કરવા નથી માગતી.

બસ ભગવાનને એક જ પ્રાર્થના કરું છું કે મારી કલ્પનાને સાકાર કરે. તું હેમ ખેમ તંદુરસ્ત રહે ને આ પૃથ્વી પર અવતરે. તને ખબર છે??? તારા પપ્પા કંઈ બોલતા નથી પણ તારા આવતા પહેલા જ બદલાઈ ગયા છે. ઓહો મારું એટલું બધું ધ્યાન રાખે છે કે આટલાં વર્ષમાં ક્યારેય કોઈએ નથી રાખ્યું. સાંજે ઓફિસેથી આવે એટલે બસ તારા વિશેની જ વાત કરવી હોય ને જાણવી હોય..! મારા પેટ પર કાન માંડીને સાંભળવાનો પ્રયત્ન કરે તું જાણે કંઈ કહેવા માગે છે..!



એ સુખદ આનંદની ઘડીઓમાં વધારો કરવા તારા વાવવાની રાહ જોતી.. હું રાત ભર સુઈ પણ નથી શક્તી...

બબુ તને તકલીફ નથી પડતી ને અંદર..?
કેવું ગાંડુઘેલું વિચારું છુ ને..!

તારા આવવાની રાહમાં તલસતી તારી મા!

~લતા સોની કાનુગા

દિવાળીનું મહત્વ

દિવાળી... આ શબ્દ સાંભળતાં જ નજર સમક્ષ દીવડાંઓની હારમાળા, રંગબેરંગી લાઈટો, અનેકવિધ રંગોથી સજાવેલી રંગોળી, આતશબાજી, મીઠાઈઓ અને નવા કપડાંથી સુશોભિત હસતા-ખેલતા ચહેરાઓ તરવરી ઉઠે છે! તહેવારો આપણાં જીવનમાં આગવું મહત્વ ધરાવે છે. રોજની એકધારી રફતારથી ચાલી રહેલી જિંદગીમાં ઉત્પન્ન થયેલા એકધારાપણા માટે તહેવારો સ્પીડ-બ્રેકર બની રહે છે!

નોકરી, ધંધો, ઘરકામ, ભણતર, બાળકોની સાર-સંભાળ અને આવી બીજી કેટલીયે અધધધ જવાબદારીઓ નિભાવી રહેલા માનવ માત્રને તહેવારો તાજગીથી ભરી દે છે! તેમાંય દિવાળીનો તહેવાર તો ચારે તરફ હસી-ખુશી, ઉમંગ અને ઉલ્લાસથી વાતાવરણને ભરી દેતો તહેવાર છે!

ઘેર-ઘેર સફાઈકામ, વ્હાઇટ વોશ, કલરકામ ઇત્યાદિ કામોનો પ્રારંભ લોકો થોડા દિવસો પહેલાં જ કરી દે છે. ત્યાર પછી વારો આવે છે : સજાવટનો! રંગબેરંગી દીવડાઓ, લાઈટો, સીરીઝો, પ્રોજેક્ટર, રંગોળી, ફૂલો, તોરણો જેવી અનેક સજાવટની વસ્તુઓથી ઘર, દુકાન, ઓફિસ વગેરેને શણગારવામાં આવે છે. દિવાળીમાં કરવામાં આવતી આ સાફ-સફાઈ બાબત એક મત એમ કહે છે કે ચોમાસાની ઋતુમાં અનેક જાતના જીવ જંતુઓનો ઉપદ્રવ વધી જતો હોય છે. અષાઢ-શ્રાવણની અમૃત વર્ષા પછી ઘરમાં પણ ભેજ વધી જતો હોય છે. માટે તેની પુરેપુરી સફાઈ કરવાથી અનેક રોગોથી બચી શકાય છે. આપણાં વડવાઓ વિજ્ઞાનનું સારું જ્ઞાન ધરાવતા હતા અને માનવ સ્વભાવનું પણ! તેથી જ સફાઈનો સંબંધ તહેવાર સાથે જોડીને આ વાત લોકોને ગળે ઉતારી દીધી છે!

દિવાળીનો તહેવાર પાંચ દિવસના તહેવારોનો સમૂહ છે. તેમાં ધનતેરસ, કાળી ચૌદશ, દિવાળી, બેસતું વર્ષ અને ભાઈ-બીજનો સમાવેશ થાય છે. દિવાળી એ હિન્દુ ધર્મનો ખુબ મહત્વપૂર્ણ તહેવાર છે. આ દિવસે સમગ્ર ભારતમાં જાહેર રજા હોય છે. દિવાળીનો આ તહેવાર 13 ઓક્ટોબરથી 14 નવેમ્બરની વચ્ચે આવે છે. હિન્દુ કેલેન્ડર મુજબ તેને અશ્વિન એટલે કે આસો મહિનાના અંતમાં અને કાર્તિક એટલે કે કારતક મહિનાના આરંભમાં નવા ચંદ્ર દિવસોમાં ગોઠવવામાં આવ્યો છે. હિન્દુ વર્ષના છેલ્લા ત્રણ દિવસ અને નવાં વર્ષના પ્રથમ બે દિવસ : આમ દિવાળીનો તહેવાર પુરા પાંચ દિવસ ઉજવવામાં આવે છે. આમ છતાં તેની ઉજવણીમાં પ્રદેશે-પ્રદેશે થોડી ભિન્નતા જોવા મળે છે. ક્યાંક આ તહેવાર વાઘ બારસથી શરૂ થાય છે તો ક્યાંક ધન તેરસથી! તો વળી કેટલીક જગ્યાએ તો તેની ઉજવણીનો શુભારંભ અગિયારસથી જ કરી દેવામાં આવતો હોય છે! પ્રાતઃ કાળે આંગણામાં રંગોળી પુરવાનું અને સાંધ્ય-પૂજન પછી દીપ પ્રગટાવવાનું કાર્ય અગિયારસથી જ શરૂ કરી દેવામાં આવે છે.

અગિયારસ પછી આવે છે વસુ બારસ. આસો માસની કૃષ્ણ પક્ષની બારમી તિથિ. જેને આપણે વાઘ બારસ એ નામથી ઓળખીએ છીએ. આ દિવસે ગાય-વાછરડાની પૂજા કરવામાં આવે છે. આસો માસની વદ તેરસ એટલે ધન તેરસ અથવા ધનત્રયોદશી.

આ દિવસે લોકો ધનની પૂજા કરે છે. ઘર, દુકાન, ઓફિસ વગેરેને રંગોળી, દીવા, તોરણ, અને રંગબેરંગી લાઈટોથી સજાવે છે. લક્ષ્મીજીના પગલાંની છાપ કંકુ અથવા લાલ રંગ વડે ઉઠાડવામાં આવે છે. આ દિવસે ઘણા લોકો ઘરેણાંની પણ પૂજા કરે છે. ધન અને ઘરેણાંને શ્રી લક્ષ્મીજીનું પ્રતીક માની પૂજા કરવામાં આવે છે. શુકન માટે મિસ્ટાન્ન બનાવવામાં આવે છે અને લોકો મોં ગળ્યું કરે છે. લક્ષ્મીજીને સુંદરતા, ઉજાસ, ધન અને સદભાગ્યની દેવી માનવામાં આવે છે. એક માન્યતા અનુસાર લક્ષ્મીજીને ઋષિ ભૃગુનાં પુત્રી માનવામાં આવે છે.

આ દિવસને લોકો ખરીદી માટે શુભ માને છે, ખાસ તો સોનાની ખરીદી માટે. આ દિવસે ગુરુપુષ્યામૃત યોગમાં ખરીદેલું સોનું ઘરમાં ચિરઃકાળ સુધી ટકી રહે છે તેવી માન્યતા છે. બીજી મહત્વની વાત એ છે કે દેવો અને દાનવો દ્વારા સમુદ્ર-મંથન કરતી વખતે આ દિવસે ભગવાન ધન્વંતરી સમુદ્રમાંથી બહાર આવ્યા હતા. માટે આ દિવસને ધન્વંતરી-જયંતિ તરીકે પણ ઓળખવામાં આવે છે. આરોગ્યના દેવતા તેમજ આયુર્વેદના પ્રણેતા એવા ભગવાન ધન્વંતરીનું પણ આ દિવસે પૂજન કરવામાં આવે છે.

ત્યાર પછી આવે છે કાળી ચૌદશ એટલે કે આસો માસનો છેલ્લેથી બીજો દિવસ. તેને નર્ક ચતુર્દશી અને રૂપ ચૌદશ એ નામોથી પણ ઓળખવામાં આવે છે. શ્રીમદ ભાગવત પુરાણ અનુસાર આ દિવસે ભગવાન શ્રી કૃષ્ણએ નરકાસુરનો વધ કરીને તેણે કેદ કરેલી સોળ હજાર રાજકુમારીઓને છોડાવી હતી. માટે તેને નર્ક ચતુર્દશી કહેવામાં આવે છે. ઘણા બધા પરિવારોમાં આ દિવસે પોતાના કુળદેવતાને નૈવેદ્ય અર્પણ કરવાનો રિવાજ પ્રચલિત છે. આ દિવસ મેલી વિદ્યાના ઉપાસકોને પ્રિય છે. તેઓ માને છે કે આ દિવસે કરેલી સાધના જરૂર ફળે છે!

દક્ષિણના લોકો ચૌદશને દિવાળી તરીકે ઉજવે છે. કારણ કે લંકાથી અયોધ્યા પરત ફરી રહેલા શ્રી રામ આ દિવસે દક્ષિણમાં પહોંચ્યા હતા માટે ત્યાંના લોકોએ આ દિવસે દીવડાઓથી પ્રભુનું સ્વાગત કર્યું હતું. તેથી દક્ષિણમાં ચૌદશના દિવસે દિવાળી ઉજવાય છે.

ત્યાર બાદ આવે છે દિવાળીનો મુખ્ય દિવસ, હિન્દુ વર્ષનો અંતિમ દિવસ! જેને આપણે દિવાળી કહીએ છીએ અને દીપાવલી પણ! દીપાવલી બે શબ્દો વડે બનેલો શબ્દ છે! સંસ્કૃતમાં દીપ એટલે દીવો અને આવલી એટલે હારમાળા. માનવીની અંદર રહેલા દુર્ગુણો પર સદગુણોની થયેલી જીતનાં પ્રતીકરૂપે માટીનાં કોડિયામાં રૂ ની દિવેટ મૂકી, તેલ ભરીને દીવાઓ પ્રગટાવવામાં આવે છે. આ દિવસે શ્રી રામ પત્ની સીતા અને ભાઈ લક્ષ્મણ સહીત વનવાસ પૂર્ણ કરી, અનેક અસુરો અને લંકાધિપતિ રાવણને તેનાં દુષ્કર્મોના ફળસ્વરૂપ યમ સદન પહોંચાડીને અયોધ્યા પરત ફર્યા તેની યાદમાં ઉજવાય છે. અયોધ્યાના લોકોએ ઘીનાં દીપની હારમાળાઓથી આખા નગરને સુસજ્જિત કરી દીધું હતું અને અસત પર સતના વિજયને વધાવ્યો હતો!

આ દિવસે લોકો નવાં કપડાં પહેરે છે, મીઠાઈ ખાય છે અને ખવડાવે છે તથા ફટાકડાં ફોડે છે. વેપારીઓ ચોપડા-પૂજન કરે છે અને આવનારું વર્ષ ધંધા-રોજગાર માટે સારું નીવડે તેવી પ્રાર્થના કરે છે. હવે તો ઘણી જગ્યાએ લાલ ચોપડાનું સ્થાન લેપટોપે લઇ લીધું છે! પરંતુ હજુ ઘણા વેપારીઓ આપણી સાંસ્કૃતિક પરંપરાને જાળવીને રિયલ લાલ ચોપડાનું જ પૂજન કરે છે! પ્રકાશના પર્વ તરીકે જાણીતો દિવાળીનો તહેવાર માત્ર સ્થૂળ સાફ-સફાઈ અને અજવાળાની જ નહિ પણ સૂક્ષ્મ રૂપે એટલે કે મનની મલિનતા દૂર કરીને સર્વ પ્રત્યે પ્રેમભાવના જાગૃત કરવાની વાત

પણ કહે છે. અને અનંતરૂપ આત્માની શુદ્ધિ કરી સમગ્ર સૃષ્ટિ પ્રત્યે કરુણા, પ્રેમ તથા દયાભાવના દાખવવાનો મૂક સંદેશ પણ આપી જાય છે!

ત્યાર પછી આવે છે બેસતું વર્ષ! નવા વર્ષનો પ્રથમ શુભ-મંગલ દિવસ! આ દિવસે લોકો નવાં કપડાં પહેરી, સજી-ધજીને એકબીજાના ઘેર નવાં વર્ષની શુભેચ્છાઓ આપવા જાય છે. ઘેર આવનારા સગાં-સંબંધીઓ-મિત્રોનું ખુબ ભાવથી સ્વાગત કરવામાં આવે છે. જાત-જાતની મીઠાઈઓ લોકો આરોગે છે અને બીજાને ખવડાવે પણ છે! આ દિવસે શુકનનાં મગ અને મીઠું એટલે સબરસ ખરીદવાનો રિવાજ છે!

ત્યાર પછીનો દિવસ ભાઈ-બહેનનાં પ્રેમની મહત્તા ગાતો આવી પહોંચે છે! નૂતન વર્ષનો બીજો દિવસ એટલે ભાઈ-બીજ. આ દિવસે ભાઈ પોતાની પરણિત બેનને ઘેર જમવા જાય છે. બહેન પોતાનાં ભાઈને ભાવતાં પકવાન બનાવીને હેતપૂર્વક જમાડે છે! ભાઈ પોતાની બહેનને રક્ષાનાં વચનની સાથે પ્રેમપૂર્વક ભેટ પણ આપે છે.

નૂતન વર્ષનો પાંચમો દિવસ એટલે લાભ પાંચમ. આ દિવસે વેપારીઓ દિવાળીની રાજાઓ પછી, શરુ થયેલ નવાં વર્ષમાં પોતાનો વેપાર ફરી શરુ કરે છે. મકાન, જમીન, દુકાન, ઓફિસ વગેરે જગ્યાએ કોઈ પણ શુભ શરૂઆત કરતા પહેલા જે કળશ મુકવામાં આવે છે તેના માટે આ દિવસ ખુબ શુકનવંતો માનવામાં આવે છે. લોકો નવા સાહસોની શરૂઆત આ દિવસે કરવાનું વધુ પસંદ કરે છે.

આમ, તહેવારોનાં ઝુમખાંને પોતાનામાં સમાવિષ્ટ કરી લેતો તહેવાર દિવાળી આંતરિક પ્રકાશનો તહેવાર છે. સૌ કોઈ નાના-મોટાનો ભેદભાવ ભૂલીને હર્ષોલ્લાસથી તેની ઉજવણી કરે છે. ફટાકડાં, રંગોળી, રોશની, સજાવટ, મીઠાઈઓ અને ભક્તિભાવથી આ તહેવાર ઉજવાય છે. તેની ઉજવણીની પદ્ધતિઓમાં ભલે થોડી ભિન્નતા જોવા મળે પરંતુ, તેનો સાર એકસરખો જ છે : મનને પ્રકાશમાન કરવું! તો ચાલો આપણે પણ દિવાળીનાં આ શુભ-મંગલ પર્વે દીપથી દીપ પ્રગટાવીને આપણાં અને બીજાના આંતરમનને પ્રકાશિત કરવાનો શુભ સંકલ્પ કરીએ!

~ ભગવતી પંચમતીયા 'રોશની'

bpanchmatiya@gmail.com



નવરાત્રીની કાલ અને આજ

નવરાત્રી એટલે નારીશક્તિના પુરાવા ઓને ફળીભૂત કરતું પર્વ.આસોની અજવાળી આ નવલી રાત્રિ એટલે માં આદ્યશક્તિના મહિમા ગાવાનો અનેરો ઉત્સવ નવદિવસના યુદ્ધમાં અસુરોને હંફાવી માહિસાશૂરનો વધ કરી નારીને અબળા સમજનાર લોકોની મનોસ્થિતી ને ભાંગીને ભુખો કરી દેતું એક ઝળહતું ઉદાહરણ. આ નવલા દિવસોમાં આદ્યશક્તિને રીજવી રિદ્ધિ સિદ્ધિ સુખ સંપત્તિ ધન ધાન્ય સ્વસ્થ સ્વાસ્થ પ્રેમ શોર્ય અભય વરદાન નીડરતા વૈભવ દ્રઢ સંકલ્પની ઝખનાં મનગમતો માણીગર ખોળાનો ખુદનાર જેવી અનેક મનમાં સેવેલી ઝખનાં ને માં ની આગળ મૂકી તેને પૂર્ણ કરવા માતાજીની થતી આજીજી ઘરે ઘરે માંના જવારા નખાય માંડવડી રોપાઈ ચોકે સાથીયા પુરાય ઝલહતા દિવલળા પ્રગટાઈ ડાકને દાખલીએ માંના ભુવા ધૂણતા હોય એકબાજુ નોબતું વગાડી માંના વધામણા થાય આઠમને દિવસે અગાસી હવન અને ઘરમાં કુળદેવિની ભાણા ચડાવાયને મધ્યરાત્રિએ શક્તિના પર્વને ઉજવવા ગરબા ગવાય.....

પ્રાચીન કાળમાં ગરબો માથે લઈ નારીઓ ઘેર ઘેર જઈ દીવામાં તેલ પુરાવી ગામના ચોકમાં ભેગી થઈ મન મૂકી મધુર કંઠે ગરબો ગાતી ને ગરબે ધુમતી.ગરબો એ ગુજરાતનું લોક નૃત્યતો ખરું જ પણ તેનો પણ ઊંડો ઇતિહાસ છે ગરબાની ફરતે પગની ઠેસ ને તાળી ઓના તાલે ગરબે ધુમી મનમાં માતાજીનું સ્મરણ કરી તેમની આરાધના કરતું એક નૃત્યમાં ના ગર્ભમાંથી અખિલ બ્રહ્માંડનું સર્જન થયું છે તેના પ્રીતક રૂપે ગરબો મુકાય.ગરબોએ માતાજીના ગર્ભનું પ્રતીક છે તેની એક લાઈનમાં નવ કાણા હોઈ ઘડાની ઉપર મધ્ય અને નીચેના ભાગમાં મળી ત્રણ લાઈન હોઈ જેમાં નવ નવ કાણાં હોઈ આવા ઘડામાં જયારે અંદર દિપક પ્રજ્વલિત કરવામાં આવે છે ત્યારે તે શક્તિ સ્વરૂપ ગણવામાં આવે છે તેને શક્તિનું કેન્દ્ર ગણી ચોકની મધ્યમાં મુકવામાં આવે છે ને તનેે ફરતે ગરબો ઘૂમી આરાધના સાધવા માં આવે છે ગરબો માત્ર સ્ત્રીઓ જ રમે છે જયારે ગરબી (દાંડિયા) પુરુષો જ રમતા હોઈ છે.

જોકે પ્રાચીન કાળની નવરાત્રી અને આજની આધુનિક યુગની નવરાત્રીમાં જમીન આસમાંનનો તફાવત છે. શેરી શેરી એ હવે ઘરડી ડોસીમાંના મીઠા ટહુકાને ઢોલીડાના ઢોલનું સ્થાન હાર્ટ બીટના ધબકારા વધાવી દેતું કાનના પરદા ફાડી ધ્વનિ પ્રદુષણ ફેલાનાર ડી.જે લઇ લીધું છે.ચોકમાં ગવાતા ગરબા હવે પાર્ટી પ્લોટ અને સ્ટેડીઓમો સુધી પોહચી ગયા છે ત્યારે ચોકમાં મન મૂકીને ગરબે ધુમી શકતા હતા તેની જગ્યા પર ટ્રેડિશનલ વેરને જ મુખ્ય ભાગ માં રમવાની છૂટ બીજા બધા એ દૂરથી જ માજા લેવાની અને તેમાંય ગાંઠના ગોપી ચંદન કરી મોંઘી દાટ ટિકિટો લેવાની ત્યાં જઈને આરાધના રૂપી ગરબોતો રમવાનો જ નહીં બસ અટકચાળા કરવા કાંતો અવનવા દોઢીયા કરવા હવે ગરબાના ઉત્સવોમાં પણ સ્પર્ધા ઓએ સ્થાન લીધું છે દિવાની ઝાંખમઝોળની જગ્યાએ આર્ટિફિશ્યલ લાઈટો આવી તો જ્યાં ચોકના મધ્યમાં માતાજીનો ગરબો સુશોભીત હોય ત્યાં વચ્ચે કાહળા(જૂતા ચંપલ) મૂકી કુંદા કુંદ કરવામાં આવે છે નવરાત્રીની આ તદ્દન નવીજ વિપરીત ઉજવણી જોઈ પેહલેની નવરાત્રિ જે અમે ખરેખર માણી છે તે ખુબ સાંભરી આવે છે

નવપલ્લવીત થયેલા પર્ણોની જેમ થનગની ઉઠેલું યૌવન જયારે સોળે કળાએ મહોરી ઉઠે છે ને ચંદન જેવી શીતળતા અર્પતું રંજનીનું વૃંદ જયારે તારલા ઓથી ઝગમગી ઉઠે છે ત્યારે સૈયર સંગે ગરબે ધુમવાની એક નોખીજ મજા આવે છે. પરિવારની છત્ર છાયામાં મનમૂકી ગરબે ધુમવાની મજા જ જુદી હોઈ છે એ પ્રેમ ઉત્સાહને વિશ્વાસની ગાંઠે બધા એકસાથે મોજમાં ઝુમતા હોઈ છે પણ બહુ અફશોસ સાથે લખવું પડે છે કે માં બાપ જે વિશ્વાસ સાથે આજના યુવાનોને બહાર રેહવાની છૂટ આપત્તાં હોઈ છે તેજ યુવાનો - યુવાની મોજમાં મળેલી સ્વંત્રતાનો બહુ મોટો ગેરફાયદો ઉઠાવતા હોઈ છે નવરાત્રી દરમ્યાન વર્તમાનપત્રમાં બનેલા કિસ્સા વાંચી હૃદય થંબી જાય છે.નવરાત્રિમાં જેટલા દાંડિયા નથી વેંચાતા એના કરતા વધારે નિરોધ અને ગર્ભપાતની ગોળી ઓનું વેચાણ વધી જાય છે જેટલા સ્ટેડિયમના પાસ વેચાય તેટલા જ હોટેલના રૂમ બુક થતા હોઈ છે ને નવ દિવસના માતાજીની આરધના કરી પાપો માંથી મુક્તિ મેળવાની જગ્યા નવ દિવસ કરેલા પાપનું પરીણામ જગતથી છુપાવા એ માસુમ જીવને કચરાપેટી કે જંગલઝાડી નશીબ થાય છે કામ માં વશ થયેલો પુરુષ બધી સીમા ભૂલી ન કરવાના કૃત્યો કરી બેસતો હોઈ છે આ બધી જ સત્ય ઘટના જે ઘટી છે તે લખતા હાથ હજુ પણ ધ્રુજી ઉઠે છે પણ આજ છે આજની આધુનિક નવરાત્રીના પરીણામો અને આ કડવા સત્યથી પણ પરિચિત થવું જ રહીયું.

નવરાત્રી વિષે લખવા જેવું તો ઘણું બધું છે પણ જે હતું તે હવે નથી રહીયું ને હવે જે છે તે તદ્દન અર્થ વિહોણું છે તો તેની જાજી ચર્ચામાં ઉતરવું હવે પોસાય એમ નથી.બસ હ્રદયથી માતાજી ને એક પ્રાર્થના કે સૌવ કોઇને સદબુદ્ધિ આપે નવરાત્રિમાં માતાજીના પૂજનનો મહિમા સમજી તેમની યોગ્ય પૂજાની સાથે જે લુપ્ત થઈ રહેલો ગરબો અવિચળ રહે લોકોને ગરબાના મહત્વનું ભાન થાઈ નવ દિવસ મળતી સ્વતંત્રતા ખોટા કર્મ કરવામાં નહીં પણ શક્તિના પર્વની ઉજવણીમાં વ્યતીત કરીયે અને પ્રેમથી નવલી નવરાત્રી ઉજવીએ એજ અભ્યર્થના સાથે સૌવને જય માતાજી.

~જીગ્નેશ સોલંકી



ઈશ્વર કણકણમાં છે...

"પણ તું ભગવાનને કેમ નથી માનતો...?" આકૃતિએ પાસે બેઠેલા શ્યામને હાથની હથેળીને સહેજ દબાવતા પૂછી લીધું...

"શુ કામ હું માનું ભગવાનને, આ પથ્થરો, કબરો, મૂર્તિઓ, સમાધિઓ, આરસપહાણના મંદિરો, મસ્જિદો, ચર્ચો, ગુરુદ્વારા કે ગમે તે કેમ ન હોય. હું શું કામ જાઉં ક્યાંય જ્યારે હું જાણું છું કે ઈશ્વર, અલ્લાહ, જીજસ અને બધાજ માન્યતાના મનાતા મારી સાથે જ છે..."

"એટલે તું કહેવા શુ માંગે છે...?" સ્નેહા અચંબાભેર શ્યામને તાકી રહી હતી.

"તું જે સમજે છે, પણ સ્વીકારવા નથી માંગતી એ જ..." શ્યામે સહેજ આકાશ તરફ જોતા કહ્યું "શુ આ ઈશ્વર, અલ્લાહ અને જીજસ સૃષ્ટિના કણકણમાં વ્યાપ્ત નથી...?"

"હા..."

"તો અઢી મણના મારામાં એ કેમ ન હોય..." શ્યામે ઘણી પળો સુધી આભને તાક્યા કર્યું અને સ્નેહા પણ એના હાથને જરાક કસીને બેસી રહી હતી. એ ઈશ્વરના અસ્તિત્વને સમજી ચુકી હતી.

~ સુલતાન સિંહ 'જીવન'

ઈશ્વર ક્યાં મળે...

કોઈકે મને પૂછેલું... કે સાહેબ ઈશ્વર ક્યાં મળે...?
મેં કહ્યું 'કે ઇશ્વરતો કણ કણમાં વ્યાપ્ત છે.
પણ તો આપણે એને મંદિરોમાં, મસ્જિદોમાં, ચર્ચઓમાં, ડેરાઓમાં, આશ્રમોમાં, યજ્ઞોમાં, સન્યાસીઓમાં, બાબાઓમાં અને વિશિષ્ટ પ્રકારોમાં શા માટે શોધીએ છીએ...??

મેં કહ્યું 'કારણ કે કણકણમાં આપણને નથી મળતો એટલે આપણે એને મણમાં શોધતા ફરીએ છીએ...'
તો એને કણકણમાં જોવાની કોઈ રીત ખરી...??
મેં કહ્યું 'રીત તો ઘણી છે. રાધાની રીત, બુદ્ધની રીત, મહાવીર સ્વામીની રીત, સાઈબાબાની રીત, જલારામ બાપાની રીત, પયગંબરની રીત, જીજસની રીત, ચૈતન્ય મહાપ્રભુની રીત, દેવોની રીત અને દનાવોની રીત...'

મને સરળમાં સરળ માર્ગ બતાવી શકો...?
કેમ નહિ... ઈશ્વર પણ એટલો જ સરળ છે જેટલો સરળ માર્ગ તમે ઇચ્છો છો.
એટલે...??
ઈશ્વર પંચ ગુણોથી પરે હોય છે એ તો જાણો છો ને...?
હા... કામ, ક્રોધ, ઈર્ષ્યા, અહંકાર, મોહ વગેરે તત્વોથી...

એકદમ સાચી વાત... તો તમે ક્યારેય સવારે નહીંધોઇને કે નાયધોયા વગર અરીસા સામે ઊભા રહી ઈશ્વરની અનુભૂતિ કરી છે...??

ઈશ્વરની અનુભૂતિ એ પણ અરીસામાં...??
શરૂઆત હંમેશા સ્વયંથી હોય છે. તો પછી કણકણમાં વ્યાપ્ત ઈશ્વરને પોતાનામાં જોવો એમા અચરજ શેની. આ જે પ્રતિબિંબ અરીસામાં પડે એને પંચ ગુણોથી પરે કરવાનો પ્રયાસ કરી જુઓ... તમારો ઈશ્વર તમારી સમક્ષ હશે. માત્ર અરીસામાં જ નહીં પણ વાસ્તવિકતામાં પણ...

~ સુલતાન સિંહ 'જીવન'

-: ફૂલ :-



એ અમરશીભાઈ, જરા અહી તો આવો થોડે દુર પાડોશમાં રહેતા અને માળીનો ધંધો કરતા. અમરશીભાઈને શેઠાણી મૌસમી બહેને પોતાના કમ્પાઉન્ડમાંથી જ બોલાવ્યા. "એ હા, મૌસમી બેન હમણાં આવ્યો. કહીને અમરશીભાઈ માંદગીમાં પટકાયેલા પોતાના છોકરાનું માથું પોતાના ખોળામાંથી અલગ કરી, ઉભા થઈને મૌસમી બહેન પાસે દોડી આવે છે.

"જુઓ અમરશીભાઈ તમને તો ખબર છે કે મને બગીચાનો અતિ અને અનહદ શોખ છે. અને હવે મારા બગીચામાં કેળ, આંબો, જાસુદ, સુરજમુખી જેવા કેટલાક ફૂલ-ઝાડ બાકી છે! તે તમો લાવી આપશો ને? મૌસમી બહેને પૂછી જ લીધું. "હા, મૌસમી બહેન તમે કહોને હું ન લાવી આપું એવું કડી બન્યું છે? તમે રહ્યા અમારા પડોશી અને વ્યવહારે મને પૈસા પણ આપી જ દો છો ને!! અમરશીભાઈએ સારૂ લગાડ્યું. આ સાંભળી મૌસમી બહેને તેને એડવાન્સમાં રૂ. ૫૦૦ આપે છે.

આ વાતને અઠવાડિયું વીતી જાય છે પણ અમરશી ફૂલ-ઝાડના રોપાઓ લઈને આવ્યો નહિ, એટલે મૌસમી બહેન શંકા કરવા લાગ્યા કે – "આવા માણસોનો ભરોસો કરાય જ નહી, થોડા પૈસા હાથમાં આવે એટલે ઉડાડી દેતા હોય છે." આમ હજુ તો વિચારે છે ત્યાં જ, સામેથી એક નાનકડા ગાડામાં અમરશીભાઈ પોતે મંગાવેલા ફૂલ-છોડના રોપાઓ લઈને આવે છે. તેને પોતાના ઘર પાસે આવતા મૌસમી બહેન કહે છે – "અમરશી ભાઈ, મને તો એમ કે તમે તો હવે, ગયા તે ગયા." !!

અને અમરશીભાઈથી રડી પડાયું અને કહ્યું "મૌસમી બહેન મારો ફૂલ જેવો પંચ વર્ષનો દીકરો મૃત્યુ પામ્યો એટલે આવતા મોડું થઇ ગયું. મારા ફૂલને ન સાચવી શક્યો, પણ તમારા ફૂલ-ઝાડના રોપાઓ લાવ્યો છું.!!

~ નટવર ટાંક [જુનાગઢ]

વંશ...

બીજલ મનોમન હારી ગઈ હતી પરંતુ પતિ હતોત્શાહી ન બને એટલે બહારથી સ્વસ્થ હોવાનો દેખાવ કરી રહી હતી. બીજલ બધી જ રીતે પોતાને ભાગ્યવાન સમજતી હતી, ભગવાને એક સંતાનની કમી કેમ મૂકી માત્ર એ પ્રશ્નથી પીડાઈ રહી હતી.



આજે બહાર હીંચકા ઉપર બીજલ જ્યારે એકલી બેઠી હતી, ત્યાંરે સસરાજી પણ પાસે આવીને બેઠાં. સસરાજી પોતાની મિલકત માટે પોતાના કુટુંબનું જ બાળક ઇચ્છતાં હતાં, જેથી બીજલને પોતાના એક ખાસ ડોક્ટર મિત્રના પાસે ઈલાજ માટે જવા મનાવી લીધી. બીજે દિવસે બીજલ કલીન્ક ઉપર પોહચીં. સસરાજીએ અગાઉથી અપોઇન્ટમેન્ટ લઈ લીધી હતી. ડોકટર.અંકલે બીજલને પ્રેમથી કૃત્રિમ ગર્ભધારણ કરી શકે છે, એનું આસ્વાસન આપ્યું બીજલ માનસીક રીતે તૈયાર નહોતી પરંતુ પતિની ખામી અને સસરાની પોતાના કુંટુંબનું જ બાળક હોવાની ઈચ્છા સામે એ ઝૂકી ગઈ.

આપેલ તારીખે ક્લીનીક ઉપર જરૂરી બધી જ પ્રકિયા સફળતાથી પૂર્ણ થઈ. થોડીવારમાં બીજલના સસરા મિ. રાય પોતાની કારમાં બેસીને નીકળી ગયા.

થોડાક જ દિવસમાં બીજલને ઘરે બાળક સ્વરુપે દિકરાનો જન્મ થયો, એ આબેહુબ દાદા જેવો લાગતો હતો. સગાંવહાલાંના મોં માંથી પણ આજ નીકળતું "બેઠો દાદા જેવો જ છે", આ શબ્દો અને બાળકની હરકતો દાદાને મળતી આવતી હોવાથી બીજલ અસમંજસમાં રહેવા લાવી.

આજે પ્રથમનો ફસ્ટ બર્થ ડે હતો. ફરી આજે કલિંકનક ઉપર પોહચીં ડૉકટર પાસે આજીજી કરી પ્રથમના પિતાનું નામ જાણ્યું. પ્રથમના પિતા પોતાના સસરા જ હોવાની જાણ થતા બીજલ ત્યાં જ ભાંગી પડી. પોતે સસરા સામે કે પતિ સામે કેવી રીતે આંખ મિલાવી શકશે એ વિચારીએ ધ્રુજી ગઈ.

બીજલ લાંછનના ભારમાં દબાઇ ગઇ જેથી પોતાના ઘરથી વિરુદ્ધ દિશામાં કારને હંકારી ગયા.

~ પ્રિતી જે. ભટ્ટ (નવસારી)

વિચારોનું મનો-મંથન



એટલે જ તું પણ એટલું ભરપૂર જીવ કે જીવવાનો આનંદ અપાર હોય અને મારી જેમ આથમે ત્યારે તને તિરસ્કાર નહીં પણ સ્વીકાર હોય, એક અનેરો આવકાર હોય એ ક્ષણમાં.

હું છું એક સાંજ..!

આમ તો બધા મને ઢળતી આશ એટલે કે નિરાશાનું પ્રતીક માનતા હોય છે, પણ કદાચ કેટલાય ને એ ખબર જ નહીં કે મારા ઢળતા જેટલા છૂટા પડે છે એથી વધુ તો હું બધાને મેળવું છું.

બધાને સોનેરી સવાર ગમે છે પણ સવાર એક આશ આપે છે, કંઈક ખૂટતું શોધવાની અને મેળવવાની,જ્યારે હું જ એમને મેળવી આપું છું,સવારે છૂટા પડતાં કેટલાય પ્રેમાળ હૈયાંને સાંજે હું મેળવી આપું છું,દરેક નાનું બાળ મુજથી(સાંજ) આશ લઈ બેઠું હોય છે,એને સવાર નથી ગમતી, કારણ..? એ એને એના માતા - પિતાથી જુદા પાડે છે, જ્યારે હું એમનો ચોકલેટી મધુર મેળાપ કરાવું છું. વળી કેટલાય મા-બાપ ધંધાર્થે ગયેલા પોતાના સંતાનોને સાંજ વેળા ઝંખતા બેઠા હોય છે મીટ માંડી. એ ઇંતજારી આંખોને ટાઢાશ હું જ તો આપું છું.

મેં જાણ્યું છે ત્યાં સુધી કોઇ પોતાની જિંદગીની વાત લઈને સવાર પાસે નથી ગયું, પણ હું કેટલાય લોકોના જીવનના રંગોને પામી શકી છું, જિંદગીના દરેક રંગને મે એમની પાસેથી સાંભળ્યો છે, યાદો, ફરિયાદો, સંવાદો અને સંવેદનાઓ, વિરહ અને વેદનાઓ મેં પિછાણી છે.

મને આનંદ છે એ વાતનો કે એકલતા જ્યારે તમ લોકોને કોરી ખાય છે ત્યારે હું તમને સાંભળું છું. તમારા એકાંતમાં હું સાથ આપી શકું છું, એટલે જ ભલે મારા આથમતા હું અંધકાર આપું છું પણ એ અંધકારમાં કેટલાય વજુદ આપું છું અને તેથી જ તો ઢળતા સમયે જિંદગીની એ લાલાશ-પીળાશને મારા અંદર સમાવી જતી હોઉ છું, જે તમે ઉજાસમાં નથી જોઈ શકતા એને અંધકારે તમારી વધુ નજીક લાવી વધુ સ્પષ્ટ બનાવું છું, એને આંખોની એરણ પર રાખી તું જીવતરને જીવી લે,

દરેક આજમાં હું છું જ તારી સાથે... એક સાંજ.. એ પણ એક સાજ બની... તુજ જીવનનું સંગીત બની.... હું તારા સ્મરણોને સાચવી રાખીશ... તારી ઝળહળતી અને ઢળતી જિંદગીની હું સાક્ષી રહીશ.

સ્મરણોથી ભરપૂર છે સાંજ.......!
ઢળતી જિંદગીનો જાણે અલગ છે અંદાજ.

~ મનુ વી.ઠાકોર 'મનન'

કાવ્યગોષ્ઠી ઈ-સામયિક

Always

Welcomes You

એક નવી શરૂઆત સ્વરૂપે અમે નવી વિચારધારાઓ સાથે આગળ
વધવા માંગીએ છીએ. જે કાર્ય માટે વધુ લોકોની મદદ પણ જોઇશે.

કાર્યરત ટીમના અભાવે થોડાક સમય પુરતું સામયિકનું કામ સ્થગિત રહેશે,
આશા છે જલ્દી જ અમે અપની સમક્ષ ફરી આવી શકીશું...

જો આપ પણ કાવ્યગોષ્ઠી સાથે જોડવા માંગતા હોવ, અથવા સાહિત્ય
સર્જનને એમાં જોડવા ઈચ્છતા હોવ તો નીચેના
સાંપકો દ્વારા જણાવી શકો છો.

-: સંપર્ક સુત્રો :-

સુલતાન સિંહ 'જીવન'

મોબાઈલ - +૯૧ ૯૯૦૪ ૧૮૫ ૦૦૭
[વોટ્સએપ પણ કરી શકો છો.]
મેઈલ – raosultansingh@gmail.com
વેબપેજ - http://kavygoshthiblog.wordpress.com